# 35

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના અમલીકરણ માટેની ટાસ્ક ફોર્સની રચના બાબત

*15/4/2366 શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના અમલીકરણ માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે. | (૧) | હા |
| (૨) | જો હા, તો ઉક્ત ટાસ્ક ફોર્સની રચના ક્યારે કરવામાં આવેલ છે, | (૨) | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના અમલીકરણ માટે ટાસ્ક ફોર્સની રચના આ વિભાગના તા.૦૭/૦૯/૨૦૨૦ના ઠરાવથી કરવામાં આવેલ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ટાસ્ક ફોર્સમાં કયા પદાધિકારી અને અધિકારીઓનો સમાવેશ થયેલ છે, અને | (૩) | ઉક્ત સ્થિતિએ ટાસ્ક ફોર્સમાં નીચેના પદાધિકારીઓ અને અધિકારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.<br>1. માન. મંત્રીશ્રી (શિક્ષણ)<br>2. માન.રા.કા. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)<br>3. અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ<br>4. સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ<br>5. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ<br>6. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ<br>7. નિયામકશ્રી, જીસીઇઆરટી, સેક્ટર–૧૨, ગાંધીનગર<br>8. કુલપતિ, ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર<br>9. શ્રી આર.સી.રાવલ, પૂર્વ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ<br>10. શ્રી જયેન્દ્રસિંહ જાદવ, મદદનીશ પ્રાધ્યાપક, અમદાવાદ કોમર્સ કોલેજ, અમદાવાદ<br>11. શ્રી ગિજુભાઈ ભરાડ, ભરાડ વિદ્યામંદિર, રાજકોટ<br>12. શ્રી વી.બી. ભેંસદડીયા, નિવૃત્ત ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧, રાજકોટ |

13. ડૉ. ચેતનાબેન વ્યાસ, નિવૃત્ત ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧, રાજકોટ

14. શ્રી વિવેકભાઈ પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી, આનંદનિકેતન ગૃપ ઓફ સ્કૂલ્સ, અમદાવાદ

15. શ્રી રૂપેશભાઇ ભાટીયા, પ્રતિનિધિ, વિદ્યાભારતી સંસ્થા

16. ડૉ. અશોકભાઈ ઠક્કર, આચાર્યશ્રી, સરકારી માધ્યમિક (RMSA) શાળા, મોટા નાયતા, તા. સરસ્વતી, જિ. પાટણ.

17. અધ્યક્ષ, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ એસોશીએશન (ગુજરાત)

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ટાસ્ક ફોર્સ દ્વારા કયા પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું?

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ટાસ્ક ફોર્સ દ્વારા નીચેની વિગતેથી માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવેલ છે;

- હાલના ૧૦+૨ ના શાળાકિય માળખામાં બદલાવ લાવીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં ભલામણ કરવામાં આવેલ ૫+૩+૩+૪ના માળખાના અમલીકરણ અંગે.
- પૂર્વપ્રાથમિક તેમજ બાલવાટિકા સંદર્ભે તેની અમલવારી, બાળકોનો પ્રવેશ, તથા અભ્યાસક્રમ અંગે.
- રાજ્યમાં પૂર્વપ્રાથમિક તેમજ આંગણવાડી માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણના શિક્ષકો તૈયાર કરવા અંગે.
- રાજ્યમાં પૂર્વપ્રાથમિક સંસ્થાઓના નિયમન માટે સ્ટેટ પ્રાયમરી રેગ્યુલેટરી બોડીની રચના અંગે.
- NEP 2020 અનુસાર રાજ્યમાં સાર્વજનિક, સ્વનિર્ભર અને અનુદાનિત સહિતની તમામ પૂર્વપ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સંસ્થાઓમાં આવશ્યક વ્યવસાયિક અને ગુણવત્તા માનાંકોના અનુપાલનને સુનિશ્ચિત કરવા માટે State School Standards Authority (SSSA)ની રચના કરવા અંગે.
- NEP 2020 સંદર્ભે રાજ્યમાં ન્યાયિક રીતે શાળાઓનું એકત્રીકરણ કરવા અંગે.
- NEP 2020 અન્વયે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓના પરિરૂપમાં ફેરફાર લાવવા માટે રાજ્ય સ્તરની સમિતિની રચના કરવા અંગે.
- NEP 2020 સંદર્ભે હવેથી પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે 3 સ્તરિય પસંદગી પ્રક્રિયા યોજવા અંગે.

- રાજ્યના શિક્ષકોને પોતાના વ્યવસાયિક વિકાસ માટે દર વર્ષે ઓછામાં ઓછા 50 કલાક Continuous Professional Development (CPD) માટે તાલીમ કોર્સીસ કરવા અંગે.
- ધોરણ ૩, ૫ અને ૮ના અંતે બાળકો માટે ધોરણ ૧૦ અને ૧૨ની જેમ પરીક્ષાઓનું આયોજન રાજ્યકક્ષાએથી કરવા અંગે.
- NEP 2020 અનુસાર રાજ્યના વંચિત વિસ્તારોમાં ઉચ્ચ ગુણવત્તાની શૈક્ષણિક તકો વધારવા માટે વિશેષ શિક્ષણ ઝોન (SEZ)ની રચના અંગે.
- NEP 2020માં દર્શાવેલ ત્રિભાષા સૂત્ર અમલીકરણ અન્વયે ધોરણ ૧ થી ગુજરાતી ભાષાની સાથે Introductory English તરીકે અંગ્રેજી વિષયની શરૂઆત કરવા અંગે.
- ધોરણ ૬થી ૮માં ગણિત અને વિજ્ઞાન વિષયના દ્વિભાષી પાઠ્યપુસ્તકોના અમલ કરવા અંગે.